# ઝન વ ગુમાન

**"અય ઈમાનવાળાઓ વધારે ગુમાન કરવાથી બચો કારણ કે અમુક ગુમાન ગુનાહનો દરજ્જો રાખે છે."**

*(સૂરએ હોજરાત, આયત નં.૧૨)*

આ આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે અલ્લાહ તથા લોકો તરફ બદગુમાની કરવી તે ખરાબ સિફત છે અને તેની ઘણી મઝીમ્મત કરવામાં આવી છે.

અઝીઝો! 'ઝન અને ગુમાન' શબ્દ ખ્યાલ, વહમ અને વસવાસ માટે વાપરવામાં આવ્યો છે. દરેક ઈન્સાનમાં બે પ્રકારના ગુમાન હોય શકે છે. હુસ્ને ઝન (સારો ખ્યાલ) અને સુએઝન (ખરાબ ખ્યાલ, બદગુમાન) કુરઆન અને હદીસોમાં હુસ્ને ઝન એ સારી આદત અને ખૂબજ નફાકારક અને મોટી અતા છે. જેનો ગુમાન નેક હોય છે તે જન્નત હાંસિલ કરવામાં કામ્યાબ થાય છે અને સુએઝન ઈન્સાનને નાશના આરે ઉભો કરી દે છે. આ સિફત શક અને વહેમના કારણે હોય છે. આ બદસિફતનું મૂળ કાયરતા અને ડરપોકપણું છે. જે તેના દિલમાં ખોટા વહેમ અને ખરાબ વિચારોને ઉપસ્થિત કરે છે.

અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે કે ‘‘તમો બદગુમાન થઇ જઇને હલાક થયા.’’

હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.) ફરમાવે છે કે ‘‘તમે તમારા બિરાદરે મોઅમીન સાથે નેક ગુમાન રાખો અને તેઓથી થતાં કામને બહેતર સમજો. તેઓ જે કાંઇ કહે તેના ઉપરથી જયાં સુધી નેક ગુમાન થઇ શકે ત્યાં સુધી બદગુમાન ન થઇ જાવ. આ મનહુસ સિફતને અલ્લાહે મુસલમાનનું ખૂન કરવું અને તેની આબરૂ બરબાદ કરવાના ગુનાહ સમાન ગણી છે.’’

સાચો મોઅમીન એ જ છે કે, તેનું દિલ, બદગુમાનીથી પાક અને સાફ હોવું જોઇએ. પાક દિલમાં સદા પાક સિફતો અને ઉત્તમ ગુણો જ વાસ કરે છે. કહેવત છે કે ‘કુઝામાંથી એ જ બહાર નીકળે જે તેમાં ભર્યું હોય.’

બદગુમાન એક એવી સિફત છે કે કાંઇ જોયા કે સાંભળ્યા વિના બીજા કોઇ ઉપર માત્ર શંકાથી પ્રેરાઇને લાગુ પાડી દેવું! આ માર્ગ શયતાનનો છે. શયતાન જ દિલમાં બદગુમાની પ્રેરે છે અથવા એમ કહીએ કે બદગુમાની શયતાને આપેલી એક ખબર છે. આવો આપણે એક વાકેઆથી જોઇએ કે બદગુમાની અને તેનુ પરિણામ કેટલું ખરાબ હોય છે.

*** સૂએઝન (બદગુમાની)ને લગતો એક વાકેઓ :**

એક શખ્સ પોતાના બચ્ચાને ઘરમાં બિસ્તર ઉપર સુવરાવીને બાહર જાય છે. તે ઘરમાં એક પાળેલ કુતરો હતો. જયારે તે શખ્સ ઘરે પાછો આવે છે. ત્યારે જુએ છે કે કુતરો લોહી લુહાણ છે, તરતજ તેણે બદગુમાની કરી અને વિચાર્યું કે આ કુતરાએ મારા બચ્ચાને ખાધુ છે માટે તેણે કુતરાની ઉપર પ્રહાર કર્યો, જયારે ઘરમાં દાખલ થયો ત્યારે તેના બાળકને સહી સલામત બિસ્તર ઉપર જોયુ અને તેની પાસે એક જાનવર મરેલું પડયું છે, તે શખ્સને તરત જ ખ્યાલ આવ્યો કે કુતરો ચોકકસ મારા બાળકને આ જાનવરથી બચાવામાં લોહી લુહાણ થયો હશે. તે ખૂબજ ગમગીન થાય છે અને દોડીને કુતરા પાસે આવ્યો ત્યારે જોયું કે કુતરો મરેલી હાલતમાં પડયો છે પરંતુ તેની આંખો આંસુઓથી તર હતી જે કહી રહી હતી કે અય ઈન્સાન મેં તારા બચ્ચાની હિફાઝત કરી અને બદલામાં તે બદગુમાનીના કારણે મારી સાથે કેવો વર્તાવ કર્યો? કેવું ઈન્આમ આપ્યું?

અઝીઝો એટલે જ મૌલા અલી(અ.સ.) ફરમાવે છે કે ''ખબરદાર, સુએઝન (બદગુમાની) ન કરો, બેશક સુએઝન ઈબાદતને બરબાદ કરી નાખે છે અને ગુનાહોને મોટા બનાવી દે છે. જયારે કે હુસ્ને ઝન દિલને સુકુન અને દીનની હિફાઝતનો સબબ છે.''

આવો અઝીઝો હુસ્ને ઝનનો પણ એક વાકેઓ જોઇએ.

**∗ હુસ્ને ઝન (સારા ખ્યાલ)ને લગતો એક વાકેઓ :**

એક વખત કેટલાક ચોર લુંટારૂ ઘરેથી એ વિચારથી નીકળ્યા કે રસ્તામાં કોઇ કાફલાને લૂંટી લેશે, તેઓ રાહ જોઇને બેઠા હતા પણ એ દિવસે કોઇ કાફેલો ત્યાંથી ન ગુજર્યો. એટલે તેઓ એક હોટલમાં ગયા અને તેનો દરવાજો ખખડાવ્યો. હોટલના માલિકે પૂછયું કે ‘કોણ છે?’ તો તેઓએ કહ્યું કે ‘અમે મુજાહીદ રાહે હક છીએ, અમને આજની રાત તમારે ત્યાં આરામ કરવો છે.’ હોટેલના માલિકે તેઓને ઇઝ્ઝત અને એહતેરામની સાથે અંદર બોલાવ્યા અને મહેમાન નવાઝી કરી કે આ લોકો અલ્લાહના મુજાહીદ છે.

આ હોટલના માલિકને એક દીકરો હતો જે અપંગ હતો એટલે એણે એની પત્નીને કહ્યું કે ‘અલ્લાહના મુજાહીદોનો ખૂબજ મોટો મરતબો છે અને અલ્લાહ ચાહશે તો આ લોકોની બરકતથી આપણા દીકરાને શફા મળશે.’ આવા ગુમાનની સાથે તેણે તે લોકોને જે જમવાનું આપ્યું હતું તેમાંથી જે બચ્યું તે પોતાના દીકરાને ખવડાવ્યું. બીજે દિવસે આ ચોર લોકો ફરીથી લુંટના ઇરાદાથી નીકળ્યા અને એક કાફલાને લુંટી લીધો પણ બહુ રાત થઇ ગઇ

હતી એટલે ફરીથી તે હોટલમાં રાત રોકાવા ગયા. જયારે ત્યાં ગયા તો જોયું કે જે દીકરો ગઈકાલે ચાલી પણ શકતો ન હતો તે આજે શફાયાબ થઈને ચાલી રહ્યો છે.

તેઓએ હોટલના માલિકને પૂછ્યું તો તેણે કહ્યું કે 'આ તમારી બરકત હતી.' જયારે ચોર લોકોએ આ સાંભળ્યું તો રોવા લાગ્યા અને અલ્લાહ પાસે ગુનાહની માફી તલબ કરી તૌબા કરવા લાગ્યા. હુસ્ને ઝનથી ઈન્સાનની હિદાયત થઈ ગઈ.

દરેક મોઅમીન માટે જરૂરી છે કે કોઈ પણ મુસલમાન ઉપર બદગુમાન થઈ જઈ તેઓના કાર્યો અને વાતોને ખરાબ ન સમજે. બલ્કે પોતાને ખતાકાર સમજે. જયારે આવી રીતે કરશે તો અમુક સમયમાં બદગુમાનીની મનહુસ સિફત દૂર થઈ જશે અને નેક ગુમાનીની ઉમદા અને આદર્શ સિફતો તેનામાં પૂર્ણપણે ખીલી ઉઠશે.

આવો! અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને બદગુમાનીની ખરાબ સિફતથી બચાવે અને હુસ્ને ઝન નેકગુમાનની સિફત અપનાવાની તૌફીક અતા કરે તેમજ ઈમામે ઝમાના(અ.સ.)ના ઝુહૂરમાં જલ્દી કરે. ઈલાહી આમીન.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com